# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી


☎ ૨૩૨૫૪૫૦૬(ઓફીસ), ગુજરાત રાજય "વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
(૦૭૯) ૨૩૨૫૪૩૭૭(અંગત), ડો.જીવરાજમહેતા ભવન, સેકટર--૧૦ બી.
૨૩૨૫૯૭૬૦(ફેકસ) ગાંધીનગર-૩૮૨૦૧૦
E-mail : supt-tc-dat@gujarat.gov.in


**નં.:-હિતિનિ/ટી.સી./ફા.૧૧૧/સ્ટ્રોંગરૂમ-સ્ટેમ્પ જથ્થો/૪૦૦૨(૩૧)/ .../૪૯૮-૫૪૫**

**તા.૧૯ /૧/૨૦૧૦**

**વિષય:- રાજયની પેટા તિજોરી કચેરીઓમાં નોન પોસ્ટલ સ્ટેમ્પનો જથ્થો નિયત મર્યાદામાં રાખવા બાબત.**

**પરિપત્ર ક્રમાંક: ૧/૨૦૧૦**

૧. અત્રેની કચેરીના તા.૧૯/૯/૨૦૦૬ના પત્રથી રાજયની પેટા તિજોરી કચેરીઓમાં નોન પોસ્ટલ સ્ટેમ્પનો જથ્થો સરેરાશ વેચાણના છ માસ જેટલો કોઈ પણ સમયે ઉપલબ્ધ રહે અને જાહેર જનતાને કોઈપણ પ્રકારની મૂશ્કેલી ઉપસ્થિત ન થાય તેવું આયોજન કરવાની સૂચના સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પના તા.૯/૮/૦૬ના પત્ર સંદર્ભે આપવામાં આવેલ હતી.

૨. **ઉકત સંદર્ભે જણાવવાનું કે, રાજયની પેટા તિજોરી કચેરીઓમાં સરેરાશ છ માસના વેચાણ જેટલો જ સ્ટેમ્પનો જથ્થો પેટા તિજોરી કચેરીના સ્ટ્રોંગરૂમમાં રાખવો. આથી વિશેષ જથ્થો જો કોઈ પેટા તિજોરી કચેરીના સ્ટ્રોંગરૂમમાં હોય તો તે તાત્કાલિક સંબંધિત જિલ્લા તિજોરી કચેરીમાં જમા કરાવવા આથી સૂચના આપવામાં આવે છે.**

૩. આ સૂચનાનો કાયમી ધોરણે અમલ કરવાનું જણાવવામાં આવે છે.

૪. આમ ઉપરોકત વિગતે રાજયની પેટા તિજોરી કચેરીઓમાં નિયત મર્યાદામાંજ સ્ટેમ્પનો જથ્થો કાયમી રીતે જળવાય તે બાબતે શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રીએ અંગત તકેદારી રાખવાની રહેશે.

નિયામક

**પ્રતિ,**

શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી,

જિલ્લા તિજોરી કચેરી,

............................ તરફ જાણ તેમજ તાબાની પેટા તિજોરી કચેરીઓને આ અંગે જાણ તથા ઘટિત કાર્યવાહી સારુ.

**નકલ સવિનય રવાના:-**

૧. નાયબ સચિવશ્રી (તિજોરીઓ), નાણા વિભાગ, 'ઝ' શાખા, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું

૨. સુપ્રી. ઓફ સ્ટેમ્પ, સ્ટેમ્પ અને નોંધણી ભવન, સેકટર-૧૩-સી, 'ખ' રોડ, ગાંધીનગર તરફ જાણ સારુ.

**નકલ રવાના:-**

૧. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર તરફ તપાસણી સમયે ઉપરોકત વિગતો ચકાસવા અંગે નોંધ રાખવા સારુ.